જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૭/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૩૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૦	૧૧૬૩૨	૧૭૭૪૩	૦	૧૭૭૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૭	૧	૯૮	૩૪૭	૦	૩૪૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૩૬૨૪	૧૦૧	૬૩૭૨૫	૬૪૨૧૩	૯૬	૬૪૩૦૯
કુલ		૮૦૦૮૨	૧૦૨	૮૦૧૮૪	૮૮૫૬૭	૯૬	૮૮૬૬૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩	૯૦,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨૮	૮,૨૮,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.પી.ગરાસીયા તથા હેડ.કોન્સ.મોસીન યાસીનભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ.ભરતકુમાર ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા પો.કોન્સ.એઝાઝહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ તથા પો.કોન્સ.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન સાથેના પો.કોન્સ.એઝાઝહુસેન સાબીરભાઇ તથા હેડ.કોન્સ.મોસીન યાસીનભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે રોહાનખાન સરવરખાન ખાન પઠાણ ઉ.વ.૧૯ રહે: મ.નં.જી/બી/૨ જાવેદ ફલેટ સરકારી ગોડાઉનની પાછળ શાહઆલમ અમદાવાદ શહેર નાએ મેળવેલ ચોરીનો સેમસંગ કંપનીનો ગેલેક્સી નોટ-૨૦ અલ્ટ્રા 5G મોડલનો મો.ફોન કિ.રૂ. ૧,૦૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ કાગડાપીઠ પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૫૨૧૧૩૭૮/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ – ૩૭૯ એ,૧૧૪ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન :

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા યોજના હેઠળનો સરકારી ચોખાના ગેરકાયદેસર રીતે મેળવેલ જથ્થા સાથે આરોપીઓને પકડી પાડતી રાણીપ પોલીસ

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે. અધિક પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેકટર-૦૧ અમદાવાદ શહેર તથા મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં કોઇપણ ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.બી.ખાંભલા તથા સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ એસ.એસ.ચૌધરી રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ આરોપીઓએ ભેગામળી આયોજન પુર્વક ગુનાહીત કાવતરૂ રચી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા યોજના હેઠળનો ચોખાનો જથ્થો આરોપીઓએ રાણીપ ખાતે આવેલ જય સાઈબાબા ગ્રાહક ભંડાર નામની દુકાન ખાતેથી મેળવી લઇ આવી તે અનાજનો જથ્થો આકાશ ટ્રેડિંગના નામની દુકાન વાડીલાલ આઇસ ફેકટરીની સામે દુધેશ્વર માધુપુરા અમદાવાદ શહેર ખાતે અનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે બોલેરો પીકઅપ ગાડીમા ભરી લઇ જતાં રાણીપ ઉમંગપાર્ક સોસાયટીના નાકે આવેલ પાણીની ટાંકી પાસે જાહેર રોડ ઉપર પકડાઈ ગયેલ હોય આ અનાજનો જથ્થો સરકારશ્રી તરફથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને સસ્તા દરે વિતરણ કરવાનુ હોય છે આ કામના આરોપીઓએ અનાજનો જથ્થો વિતરણ નહિ કરી પોતાના આર્થિક ફાયદા સારૂ અન્ય જગ્યાએ વેચાણ કરી સરકારશ્રી તથા આમ જનતા સાથે આરોપીઓએ એકબીજાના મેળાપીપણુ કરી ગુનાહિત કાવતરૂ રચી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરતા આરોપીઓ વિરૂધ્ધમાં રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ 'એ' ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૯૧૦૦૨૨૧૧૦૭૨/૨૦૨૧ ધી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ ૩, ૭ મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે અને હાલ આગળની વધુ તપાસ ચાલુ છે.

ધરપકડ કરેલ આરોપીઓ

(૦૧) કમલ રતનચંદ સિંધી ઉ.વ.૪૯ ધંધો વેપાર રહેવાસી મકાન નંબર એ/૯૦૧ શ્રીજી ટાવર ડ્રાઇવીંગ રોડ વસ્ત્રાપુર અમદાવાદ શહેર

(૦૨) મુકેશભાઇ રેવાભાઇ ત્રિવેદી ઉ.વ.૪૭ ધંધો વેપાર રહેવાસી મકાન નંબર ૧૦૦ સ્તવા હોમ બંગલોઝ ન્યુ, રાણીપ ચેનપુર રોડ સાબરમતી અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ ગઢ સિવાણા તાલુકા જીલ્લા બાડમેર રાજસ્થાન

(૦૩) રોશન સ/ઓ પુનમભાઇ ભંવરલાલ તેલી ઉ.વ.૨૦ ધંધો ડ્રાઇવીંગ રહેવાસી ૩૦૪ પવન એવન્યુ ફલેટ રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ કાંકરોલી તાલુકા જીલ્લા રાજસમન રાજસ્થાન

ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ

(૧) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા યોજના હેઠળનો સરકારી ચોખાનો જથ્થો કુલ ૩૮૦૦ કિલો જેની કિંમત રૂપિયા ૮૩,૬૦૦/- ગણી શકાય તે

(૨) એક બોલેરો પીકઅપ વાહન નંબર GJ-01-JT-3108 જેની કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- ગણી શકાય તે મળી કુલ કિંમત રૂપિયા ૭,૮૩,૬૦૦/- ની મત્તાના મુદ્દામાલ

કામગીરી કરનાર

(૧) અ.હે.કો. દેવકરણભાઈ અજાભાઈ બ.નં. ૫૫૫૯

(૨) અ.પો.કો. આનંદકુમાર રામજીભાઇ બ.નં.૩૪૦૦

(૩) અ.પો.કો. અશ્વિનભાઇ વાઘાભાઇ બ.નં.૬૭૫૮

(૪) આઉટસોર્શ ડ્રાઈવર ગીરીશભાઇ લક્ષ્મણભાઇ

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી. :

અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા જુગાર રમતા ૧૧ ઈસમોને કુલ રૂપિયા ૭૯,૬૬૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૯.૭.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના હે.કો.મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે જુના રામોલ રોડ ઉપર આવેલ અશ્વમેધ સ્કુલની સામે આવેલ ભગવતી સોસાયટી ના મકાન ન.બી/૯૭ આગળ આવેલ મહાદેવજીના મંદિર પાસે ખુલ્લી જગ્યામા રેઈડ કરી કુલ્લે ૧૧ આરોપીઓને નાણાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૩૧,૨૬૦/- તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૭૯,૬૬૦/- ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી અમરાઈવાડી પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરનં.૧૧૧૯૧૦૦૪૨૧૧૨૦૭/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) રાકેશ નાગરભાઈ પટેલ રહે.બી.૯૯ ભગવતીનગર અશ્વમેધ સ્કુલની સામે આવેલ અમરાઈવાડી અમદાવાદ (૨) જેઠાભાઈ લહેરુમલ બસનંતાણી રહે.સી/૮૦ જુના ચાલ સૈજપુર બોઘા નરોડા અમદાવાદ (૩) બળદેવભાઈ કલ્યાણભાઈ વાઘેલા રહે.મ.ન.૧૮૭૦/૧૨ શંકરપુરાની ચાલી રાજપુર ગોમતીપુર અમદાવાદ (૪) શૈલેષ રામચન્દ્ર ખમાર રહે.મ.ન.એ/૧-૨ સંતોષપાર્ક સોસાયટી નોબલનગર અમદાવાદ (૫) જાવેદ અખ્તર લીયાકતઅલી અંસારી રહે.મ.ન.૪ સીરાજ પાર્ક સોસાયટી વટવા નારોલ અમદાવાદ (૬) વાહીદઅલી સાહેબઅલી અંસારી રહે.એ/૨૫ શાલીમાર કોમ્પલેક્ષ મહાલક્ષ્મી પાંચ રસ્તા પાલડી અમદાવાદ (૭) બલરામભાઈ ભરતસિહ ઠાકોર રહે.મ.ન.૯૯૪/૩૨ સદભાવના ફલેટ ટંકારચાલી રાજપુર ગોમતીપુર અમદાવાદ (૯) ધર્મેન્દ્ર હરીભાઈ પ્રજાપતિ રહે.મ.ન.બી/૧૦૧ ગેલેક્સી રેસીડેંસી કઠવાડા રોડ નરોડા અમદાવાદ (૧૦) ઉમેશભાઈ મુળજીભાઈ પરમાર રહે.બી/૧૪ અમર ફલેટ બાપુનગર પોસ્ટે સામે બાપુનગર અમદાવાદ (૧૧) શબ્બીર અહેમદ ઝલીલ અહેમદ શેખ રહે.મ.ન.૬૮, છોટાલાલની ચાલી, ગેટ ન.૪ રાજપુર ગોમતીપુર અમદાવાદ

વોન્ટેડ: (૧) પંકજભાઈ તારાચંદભાઈ મારવાડી રહે.વસ્ત્રાલ

(૨) ભરતભાઈ પરમાર રહે.પ્રતાપનગર સોસાયટી, ગોમતીપુર અમદાવાદ

ગુનાની જગ્યા : જુના રામોલ રોડ ઉપર આવેલ અશ્વમેધ સ્કુલની સામે આવેલ ભગવતી સોસાયટી ના મકાન ન.બી/૯૭ આગળ આવેલ મહાદેવજીના મંદિર પાસે ખુલ્લી જગ્યામા

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાંણા રૂ.૩૨,૧૬૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૦૭ કિંમત રૂ.૪૭,૫૦૦/- (૩) ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦(૪) ચટાઈ નંગ ૧ કિ.રૂ.૦૦ મળી કુલ્લે કિ.રૂ.૭૯,૬૬૦/- નો મુદામાલ





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૫૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ બીયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૨ ઓટોરીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ ચોરી :- **સમાચાર યાદી નં.૧૨૪૦/૨૦૨૧**

નારોલ : હનુમાનસિંગ જગદીશસિંગ કુશવાહા (ઉ.વ.૫૦)(રહે.વૈભવ રો-હાઉસ ગંગોત્રીનગર પાસે, નારોલ) એ તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૧ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મકાનમાંથી (૧)સોનાના દોરા નંગ-૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૨)સોનાનુ પેન્ડલ કિંમત રૂપિયા ૪,૦૦૦/- (૩)સોનાની વીંટીઓ નંગ-૦૩ કિંમત રૂપિયા ૯,૦૦૦/- (૪)સોનાની કાનની બુટ્ટી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૫)ચાંદીની પાયલ કિંમત રૂપિયા ૨,૫૦૦/- (૬)ચાંદીની પાયલ ૧ જોડી કિંમત રૂપિયા ૫૦૦/- (૭)ડેલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ વ.પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયો :- **સમાચાર યાદી નં.૧૨૪૧/૨૦૨૧**

ચાંદખેડા : મહેન્દ્રકુમાર અમથાભાઇ વણકર (ઉ.વ.૫૭) (રહે.કરીશ્મા એવન્યુ, સ્નેહપ્લાઝા પાસે, આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા) તા.૨૪/૦૬/૨૦૨૧ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે કરીશ્મા એવન્યુ સોસાયટીના ગેટ પાસે એક પુરૂષ(૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) એ મહેન્દ્રકુમારના ગળામા પહેરેલ સોનાની પેન્ડલ સહિતની ચેઈન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મહેન્દ્રકુમાર વણકરે તા.૦૯/૦૭/૨૦૨૧ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૪૨/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : દિનેશભાઈ ચિન્નાસ્વામી નાયડુ (ઉ.વ.૫૭)(રહે.પ્રથમ હાઈટ, દીવાન લાઈફ સ્કુલ ની બાજુમાં, ભમ્મીયો રોડ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી. પાછળ સરદારબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે સી.ડી.નં-૪૭ પાસે આવેલ ઘાટ નજીક નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

માધવપુરા : મેહુલભાઇ વાસુભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે.આશ્રય પ્લેટીના, સ્વામીનારાયણ મંદીર પાસે, ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૧ ના કલાક ૯/૦૦ વાગે માધવપુરા બારડોલપુરા, પટેલવાસ દુકાન નંબર-૧૫૭૪ ખાતે છતના પંખા સાથે પ્લાસ્ટીકની પેકીંગ પટ્ટી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રજ્ઞેશકુમાર દશરથલાલ ચલાવે છે.

કૃષ્ણનગર : મનીષાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ વાઘેલા (રહે.મધુવન ગ્લોરી, એસ.આર.પી.કવાટર્સ પાછળ, કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતીરાવ ચલાવે છે.

બાપુનગર : પ્રવિણભાઇ નરભેરામ પંચાલ (ઉ.વ.૪૯)(રહે.ગોપાલનગર, ચામુંડાનગર પાસે, બાપુનગર) એ બીમારીના કારણે તા.૦૯/૦૭/૨૦૨૧ સવારના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી